## ગીફ્ટ સીટી માર્ગ પર સંસ્કૃતિ બાંધકામ સાઇટ પર

# ભેખડ ઘસી પડતા બે મજુરો દટાયા

**ગાંધીનગર નજીકની બાંધકામ સાઇટ પર મજુરોની સલામતીના નામે મીંડુ : સંસ્કૃતિ રહેણાંકની સ્કીમમાં ભોંયરાનુ ખોદકામ ચાલતુ હતુ ત્યારે માટીની ભેખડ ઘસી પડતા દુર્ઘટના સર્જાઇ : ગુડાની પણ નિષ્ક્રીયતા : મજુરોમાં આક્રોશ : થોડા સમય અગાઉ પણ આ પ્રકારની દુર્ઘટના સર્જાઇ હતી**





ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર નજીક ગીફટ સીટી માર્ગ પર ધોળેશ્વર પાસે નવ નિર્મિત સંસ્કૃતિ બાંધકામના બેઇઝમેન્ટમાં આજે બપોરે ખોદકામ દરમિયાન ઓચિંતી ભેખડ ઘસી પડી હતી જેના લીધે મજુરોમાં દોડધામ મચી ગઇ હતી મજુરો માટીના ઢગ નીચે દટાતા ગાંધીનગર ફાયરબ્રિગેડ ઘટના સ્થળે દોડી આવ્યુ હતુ પરંતુ કમનસીબે મજુરોનો જીવ બચાવી શકાયો ન હતો ફાયર બ્રિગેડની ટીમે બન્ને મજુરોના મૃતદેહ બહાર કાઢ્યા હતા ઘટના સંદર્ભે ઈન્ફોસીટી પોલીસની ટીમે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

ગાંધીનગરને અડીને આવેલા ખુલ્લા વિસ્તારમાં મોટી બાંધકામ સાઈટો ધમધમી રહી છે. ગુડા દ્વારા પણ આ સાઈટનુ યોગ્ય નિરિક્ષણ કરવામાં આવતુ નથી જેના લીધે સમયાંતરે બાંધકામ સાઈટ પર દુર્ઘટના અસ્તિત્વમાં આવે છે. રીલાયન્સ ચાર રસ્તા પાસે પણ થોડા સમય અગાઉ બાંધકામ સાઈટની ભેખડ ઘસી પડતા ચાર વ્યકિતએ જીવ ગુમાવ્યો હતો. જેમાં પ્રોટેકશન વોલ નહી હોવાનુ ધ્યાને આવ્યુ હોવાછતા ખોદકામ સમયે સલામતીની દિવાલનુ નિર્માણ કરવામાં આવતુ ન હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. જેના લીધે આજે પણ નગરને અડીને એક બાંધકામ સાઈટ પર દુર્ઘટના સર્જાઈ હતી. ગાંધીનગર નજીક ગીફટ સીટી માર્ગ પર કાવ્યરત્ન સ્પીરીચ્યુલ લીવીંગ સંસ્કૃતિ નામની રહેણાંકની

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં ઔદ્યોગિક ઉત્પાદનનો ૧૭ ટકા હિસ્સો ગુજરાતનો છે

**વિધાનસભા ખાતે છેલ્લા દિવસનો પ્રસ્તાવ પસાર : નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટમાં ૨૪૦ ટકાનો વધારો ગુજરાતે મેળવ્યો**

ગાંધીનગર,તા.૨૫

ભારત સરકારના ૨૦૧૯માં જાહેર થયેલ આંકડા ગુજરાત ૪૯ બીલીયન યુએસ ડોલરના આઈઈએમ સાથે સમગ્ર દેશના કુલ આઈઈએમના ૫૧ ટકા હિસ્સો ધરાવતું પ્રથમ ક્રમાંકનુ રાજય ગુજરાત બન્યુ છે. એ જ રીતે સમગ્ર દેશમાં આઈઈએમમાં ૪૩ ટકાનો વધારો થયો છે. તેની સરખામણીમાં ગુજરાતમાં વર્ષ ૨૦૧૯ દરમિયાન ૩૩૩ ટકાનો વધારો નોંધાયો છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટમાં ૨૪૦ ટકાનો વધારો રાજયએ મેળવ્યો છે તેમ ઉદ્યોગ મંત્રી સૌરભ પટેલે છેલ્લા દિવસના પ્રસ્તાવને આવકારતા જણાવ્યું હતું. ભારતના નેશનલ સ્ટેટેસ્ટીકલ ઓફીસ દ્વારા જાહેર થયેલા સર્વે રીપોર્ટ મુજબ ગુજરાતમાં બેરોજગારીનો દર સૌથી ઓછો ૩.૪ ટકા રહ્યો છે. ૨૦૧૪-૧૫ની સરખામણીમાં એમએસએમઈમાં ૪૦ ટકાનો વધારો નોંધાયો છે. હાલ ગુજરાતમાં ૩૫ લાખ જેટલા એમએસએમઈ એકમો આવેલા છે જેમાં ભારતમાં કુલ ઔદ્યોગિક ઉત્પાદનનો ૧૭ ટકા હિસ્સો ગુજરાત ધરાવે છે. સ્ટાર્ટઅપ રેકીંગમાં ગુજરાતને પ્રથમ સ્થાન મળેલ છે. વર્ષ ૨૦૧૯માં લોજીસ્ટીક પરફોરમન્સ ઈન્ડેક્ષમાં ગુજરાતે પ્રથમ સ્થાના મેળવ્યું છે. વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ગુજરાતે જીડીપીમાં ૧૩ ટકાની વૃધ્ધિ મેળવી છે અનેવછેલ્લા પાંચ વર્ષ દરમિયાન રાજયએ ત્રણ ગણી સબસીડી પણ આવા એકમોને ચુકવી છે.

મંત્રીએ ઉમેર્યુ કે, આ ગતિશિલતાને વધુ મજબુત બનાવવા અને વિકાસદરને વધારવા તથા આત્મનિર્ભર ગુજરાત માટે નવી ઔદ્યોગિક નીતિ ૨૦૨૦નીમુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા જાહેર કરવામાં આવી છે. આગાઉના વર્ષોના અનુભવને આધારે જો આ ગતિએ વિકાસ યથાવત રહે તો નવી ઔઘગિક નીતિના કારણે દર વર્ષે અંદાજે ૮,૦૦૦ કરોડનો ખર્ચ થવાની સંભાવના છે. રાજયમાં વિવિધ પ્રદેશો અને ક્ષેત્રનો વધુ સંતુલીત વિકાસ થાય તે માટે નવી ઔદ્યોગિક નીતિના કારણે મોડલ ગુજરાત મોડલ ઈન્ડીયાનું વિઝન સાકાર થશે. નવી ઔદ્યોગિક નીતિ ઘડવામાં સ્ટેક હોલ્ડર્સ, ઈન્ડસ્ટ્રી, ઈન્ડસ્ટ્રીયલા એસોસીએશનો, વિવિધ ચેમ્બર્સ અને એકેડમીયા સાથે એકથી વધુ વાર બેઠકો કરવામાં આવેલ છે. જેના ફળસ્વરૂપે નવી નીતિની જાહેરાત કરવામાં આવી છે. આ પોલીસીમાં મુખ્યત્વે સંતુલિત પ્રાદેશિક વિકાસ તેમજ રોજગારીની તકોનું સર્જન કરવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. જેથી આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવામાં રાજય નોંધપાત્ર યોગદાન આપી શકશે. તેમણે કહ્યુ કે, એમએસએમઈ સેકટર માટે કેપીટલ સબસીડી, ઈન્ટરેસ્ટ સબસીડી, માર્કેટ ડેવલપમેન્ટ આસીસ્ટન્સ વગેરે અનેક યોજનાઓ જાહેર કરવામાં આવી છે. જેમાં એમએસએમઈ એકમોને પાત્ર ધિરાણની રકમના ૨૫ ટકા સુધીની અને મહત્તમ ૩૫ લાખ સુધીની કેપીટલ સબસીડી મળશે.

# ધો-૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે સોમવારથી પૂરક પરીક્ષા

**જિલ્લામાંથી ૪૫૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે : ૨૦૦ થી વધુ બ્લોકમાં બેઠક વ્યવસ્થા : કોરોનાને અનુલક્ષી સોસિયલ ડિસ્ટન્સીંગનો વિશેષ ખ્યાલ રાખવામાં આવશે : એક વર્ગ ખંડમાં માત્ર ૨૦ જ વિદ્યાર્થીની બેઠક**

ગાંધીનગર તા ૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આગામી સોમવારથી પુરક પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. અગાઉ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પણ પુરક પરીક્ષા યોજવામાં આવી હતી આ પરીક્ષામાં અંદાજિત ૪૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાજરી આપશે જયારે ૭ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ માટે ૨૦૦ જેટલા બ્લોકમાં પરીક્ષા બેઠક વ્યવસ્થા ગોઠવાશે.

કોરોના કાળમાં લોકડાઉનના અંતે વેપાર ધંધા માંડ શરૂ થયા છે. જયારે શાળા કોલેજો હજુ પણ બંધ છે ત્યારે ઓનલાઈન શિક્ષણના યુગમાં શાળા કોલેજોમાં લેવાતી પરીક્ષાનુ ટાઈમ ટેબલ પણ ખોરવાયુ છે. અત્યાર સુધી પરીક્ષાના કાર્યક્રમો પણ અનેકવાર રદ કરવાની ફરજ પડી છે. ત્યારે માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અગાઉ ધો -૧૦ અને ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પુરક પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. કોરોના કાળ વચ્ચ પરીક્ષા યોજવામાં આવનાર

● અનુસંધાન પાન-૭ પર

## સે-૨૭ મહારાણા પ્રતાપ હાઈસ્કુલમાંથી પાંચ સોલાર પેનલની ઉઠાંતરી

ગાંધીનગર તા ૨૫

સે-૨૭ મહારાણા પ્રતાપ હાઈસ્કુલમાંથી રૂ ૪૭ હજારની મત્તાની ચોરી થઈ હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. સ્કુલના ધાબામાં લગાવાયેલી રૂ ૨૫ હજારની કીંમતની ૫ સોલાર પેનલો તેમજ બે હજાર મીટરનો ડી સી કેબલ તેમજ ફાયર એકિંઝગ્યુઝરની ચોરી કરી પલાયન થઈ ગયા છે. શાળા કોલેજ સહીતની શૈક્ષણિક સંસ્થામાં સોલાર પેનલ લગાવી તેનુ મોનીટરીંગ તેમજ સર્વિસનુ કામ કરતી ગુડગાંવની કંપનીના એન્જિનિયર અભિષેક મહેશ ડેરીયા રહે પેથાપુરએ આ અંગે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જે મુજબ સોલાર પેનલમાં ડેટા લોગર લગાવીને તેનુ ફોનથી ફરિયાદી મોનીટરીંગ કરે છે. તા ૨૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ વાગ્યાના સુમારે ફરિયાદીએ મોબાઈલમાં ચેક કરતા મહારાણા પ્રતાપ વિદ્યાલય ખાતે સોલાર પેનાલ બંધ જણાંઈ હતી જેના પગલે તેમણે સર્વિસ માટે મુકેલા માણસોને મોકલ્યા હતા જેઓએ સ્થળ પર જઈને તપાસ કરતા સોલાર પેનાલો સહીતની રૂ ૪૭ હજારની મત્તા ગુમ થઈ ગઈ હતી. જેના લીધે ફરિયાદીએ કંપનીને જાણ કર્યા બાદ ચોરીના બે દિવસના અંતે ફરિયાદ નોંધાવતા સે-૨૧ પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડૂત કલ્યાણના સાત પગલાંના બીજા તબક્કાનો આજે મુખ્યમંત્રી આરંભ કરાવશે

ગાંધીનગર, તા. ૨૫

આજે રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી દ્વારા ખેડૂત કલ્યાણના સાત પગલાં અંગે બીજા તબક્કાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે.

રાજ્યના મુખ્યમંત્રી આ બીજા તબક્કાના કાર્યક્રમમાં વિડીયો કોન્ફરન્સથી હાજરી આપી લાભાર્થીઓ સાથે સીધી ગોષ્ઠી કરશે.

રાજ્યના કૃષિ વિભાગ દ્વારા દરેક જિલ્લામાં ત્રણ તાલુકાનું કલસ્ટર બનાવી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં હેન્ડ ટુલ્સ કિટ્સ, કાંટાળી વાડ તથા ફળ-શાકભાજી પાકોના બગાડ અટકાવવા નાના વેચાણકારોને વિના મૂલ્યે છત્રી આપવાની યોજનાના લાભાર્થીઓને તેમના મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવશે.

રાજ્યમાં આવી રહેલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાને રાખી ગ્રામીણ વિસ્તાર પરની પક્કડને મજબુત બનાવવા પર સરકારે ધ્યાન કેન્દ્રીત કર્યુ છે તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લાનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ દહેગામ તાલુકાના લિહોડા ખાતે યોજાશે અને તેમાં ધારાસભ્ય વલ્લભભાઈ કાકડિયા ખાસ અતિથી તરીકે ઉપસ્થિત રહેશે.

કૃષિ વિભાગ દ્વારા આ કાર્યક્રમના આયોજન અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.



ગાંધીનગર એ પ્રકૃતિના સોંદર્યથી ભરપૂર સમૃધ્ધ શહેર છે તેજ રીતે આ શહેરમાં અસંખ્ય પ્રજાતિના પંખીઓનો મોટી સંખ્યામાં વસવાટ જોવા મળે છે. અત્યારે શહેરમાં ચકલીના કદનું એક વિશિષ્ટ પક્ષી જોવા મળી રહ્યું છે જે એક સાથે મોટી સંખ્યામાં હોય છે અને સવાર સાંજના સમયે એક સાથે કોઈ વૃક્ષ પર બેસીને કે ગગનમાં વિહાર કરતા કિલકિલાટ કરી મૂકે છે જેના કારણે અનેરું વાતાવરણ સર્જાય છે.

# શહેરમાં વધુ ૧૯ સંક્રમિત : ૧૮ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૯ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાની સંખ્યા ૧૨૨૬ થઈ છે. શહેરમાં કોરોના સંક્રમણના કેસોની ગતિ જે ઝડપે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધવા પામી છે.

**આજે સે. ૫ માંથી ૪, સે. ૨૨ માંથી ૩, સે. ૨૦ માંથી ૨, સે. ૮ માંથી ૨, સે. ૪ માંથી ૨ કેસ ઉપરાંત જીઈબી, સે. ૨૯, સે. ૧૩, સે. ૧૨ અને સે. ૩૦ માંથી કેસો મળી આવ્યા**

આજે સે. ૫ માંથી ૪, સે. ૨૨ માંથી ૩, સે. ૨૦ માંથી ૨, સે. ૮ માંથી ૨, સે. ૪ માંથી ૨ કેસ ઉપરાંત જીઈબી, સે. ૨૯, સે. ૧૩, સે. ૧૨ અને સે. ૩૦ માંથી કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે સે. ૫ માંથી ૪ કેસ મળી આવતાં તંત્ર સ્તબ્ધ બની ગયુ છે. શહેરમાં નવા સેકટરોમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

સે. ૫ માંથી એક ૬૩ વર્ષીય નિવૃત્ત કર્મયોગી, કલ્પતરૂમાં ડ્રાયવર તરીકે નોકરી કરતા ૫૫ વર્ષીય પુરૂષ, ડેપ્યુટી મેનેજર તરીકે ગિફ્ટસીટીમાં નોકરી કરતા ૪૨ વર્ષીય પુરૂષ તથા કાજી તરીકે સેવારત ૩૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ સેક્ટરમાં સર્વેલન્સ સઘન બનાવ્યુ છે તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગની સૂચનાઓનું કડક અમલીકરણ થાય તે માટે તાકીદ કરી છે.

સે. ૨૦ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. જુનિ. ક્લાર્ક તરીકે નોકરી કરતા ૩૧ વર્ષીય પુરૂષ તેમજ ૬૭ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. નિવૃત્ત કર્મયોગીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૮ માંથી આજે બે કેસ મળ્યા છે. ૨૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત એક ૪૩ વર્ષીય ગૃહીણીનો

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાતંત્ર ૧૬ કેસ કહે છે સરકાર ૨૪ કેસ જણાવે છે

**માણસાના વૃદ્ધનું સારવાર દરમ્યાન મોત : ગાંધીનગરમાં ૯, કલોલમાં ૫ અને માણસામાંથી ૨ કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૬ કેસ નોંધાયા છે જ્યારે રાજ્ય સરકારે ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૨૪ હોવાનું તેની સત્તાવાર યાદીમાં જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં કેસોની સંખ્યા અંગે સરકાર અને જિલ્લાતંત્રના આંકડાઓમાં સતત વિસંગતતા જોવા મળી રહી છે. જોકે જિલ્લાતંત્ર આ અંગે કોઈ જ સત્તાવાર રીતે વિગતો આપવાથી દૂર રહે છે.

જિલ્લાતંત્રની અખબારી યાદીમાં આજે માણસા તાલુકાના ૭૨ વર્ષીય વૃદ્ધનું સારવાર દરમ્યાન મોત થયાનું જણાવાયુ છે. ગાંધીનગરમાં એક જ દિવસે ૧૫ મોતના સમાચારો પછી તંત્રએ આ બાબતે કડક સૂચનાઓ આપી મોતને લઈ કોઈપણ પ્રકારની વિગતો જાહેર ના થાય તે માટેની સૂચનાઓ આપી હોવાની વાતો લોકજીભે થઈ રહી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણના કેસો વધી રહ્યા છે તેથી તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પણ રેપીડ એન્ટીજન ટેસ્ટનું પ્રમાણ વધારવામાં આવ્યુ છે. ગ્રામીણ વિસ્તારમાં પણ હોમ આઈસોલેશન હેઠળ સારવાર લેતા દર્દીઓની સંખ્યા સતત વધી રહી હોવાથી પણ તંત્રની દોડધામ વધી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગરમાંથી ૯, માણસામાંથી ૨ અને કલોલમાંથી ૫ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગામેથી આજે એક સાથે ૩ કેસ નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે. ઉવારસદ ગામમાં કોરોનાએ પુનઃ દેખા દીધી છે તંત્રએ અહિ સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે. ઉવારસદમાં આજે મળેલા ૩ કેસમાં બે મહિલા દર્દી અને એક ૧૭ વર્ષીય વિદ્યાર્થીનો

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં કોરોના સંક્રમિત દર્દીઓના નામ નહીં પણ વિસ્તાર જાહેર કરવો જરૂરી

ગાંધીનગર,તા.૨૫

ગુજરાતમાં કોરોના સંક્રમિત દર્દીઓના નામ જાહેર કરવાને લઈને હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. જો કે હાઈકોર્ટે સરકારેને દર્દીઓના નામ નહી પરંતુ વિસ્તાર જાહેર કરવા અંગે સૂચન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ તંત્ર દ્વારા કોરોના સંક્રમિત દર્દીઓના નામ જાહેર કરવામાં આવતા હતા. કોરોના સંક્રમિત દર્દીઓના નામ જાહેર કરવાને લઈને ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેમાં કોરોના દર્દીઓના નામ જાહેર નહીં કરવા અપીલ કરવામાં આવી હતી. જેને લઈને હાઈકોર્ટે રાજ્ય સરકારને નિર્દેશ કર્યો છે કે હવે કોરોનાના દર્દીઓના નામ નહિ પણ વિસ્તાર જાહેર કરવો જરૂરી છે. હાઈકોર્ટે રાજ્ય સરકારને નિર્દેશ કરતા કહ્યું કે લોકોની ગુપ્તતાના અધિકારીને માન આપવું જરૂરી છે.


પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ
શ્રધ્ધાંજલિ



આપનો હસમુખો, મિલનસાર નિખાલસ અને નિ:સ્વાર્થ સ્વભાવ અમે ભુલશું નહિ.
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

સ્વ. નિલા સુનિલ પરીખ

સ્વ. હંસાબેન પરીખ
સ્વ. રજનીકાન્ત શાહ
ગં. સ્વ. તરૂલત્તા શાહ
સુનિલ પરીખ - શ્રેયા પરીખ
ક્રિતી દવે - ભરત દવે
ધ્યાનવિ
નિતિન પટેલ - અર્પીતા પટેલ
કેન્વી, જીશા

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com